અપીલ અરજી નં.૧.

(૨૦૧૨–૧૩)

(ટ્રાફિક સેલ)

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળા :– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિકસેલ (બી.આર.ટી.એસ. સહિત)

વિષય :– (૧) માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈડી.નં.૧૯૯૬, તા.૧૨/૦૩/૧૨.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર શ્રી (સેન્ટ્રલ ઝોન) નો પત્ર નં.સે.ઝોન/આટીઆઈ/જાવક/૨૬૨૮, તા.૧૩/૦૩/૧૨

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૦/૦૪/૧૨ ની પ્રથમ અપીલ નં. SMC/FAP/ BRTS CELL/1/2012-2013

**ફરીયાદની હકીકત :–**

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે ઉકત વિષયમાં જણાવેલ અરજી થી માહિતી માંગેલ. તે અનુસઘાને ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકાર શ્રી, ટ્રાફિકસેલ (બી.આર.ટી.એસ. સહિત) નાં તા.૦૩/૦૪/૧૨ નાં પત્ર નં.બી.આર.ટી.એસ.સેલ/આ.નં ૧૩ થી અરજદારને માહિતી પાઠવેલ જે માહિતી થી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ કરેલ હતી. જે સેન્ટ્રલ ઝોનનાં પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ/નં.૨૨૨, તા.૨૫/૦૪/૧૨ ના રોજ થી નોંધાયેલ, જે તા.૨૭/૦૪/૧૨નાં રોજ પ્રાપ્ત થયેલ હતી.

અરજદાર શ્રીની અપીલ અરજીના અનુસંઘાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંઘ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. બી.આર.ટી.એસ.સેલ/ આ.નં.૧૭૬,તા.૦૭/૦૫/૧૨ થી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી, ટ્રાફિકસેલ (બી.આર.ટી.એસ. સહિત) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજી થી માંગેલ માહિતી પેટે જાહેર માહિતી અધિકારી દ્રારા પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે કઈ બાબતમાં નારાજગી/અસંતોષ છે?તેની વિગતો સહ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ અને તા.૧૦/૦૫/૧૨ નાં રોજ બપોરે ૧૨:૦૦ કસાકે સુનાવણી મુકરર કરવામાં આવેલ.

તા.૧૦/૦૫/૧૨ નાં રોજ અરજદારને અપીલ અધિકારી સમક્ષ હાજર રહેવા પત્રથી જણવવામાં આવેલ પરંતુ અરજદાર શ્રી અન્ય અપીલ અધિકારી પાસે હોવાથી હાજર રહી શકેલ નહી.

તા.૧૧/૦૫/૧૨ નાં રોજ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે અપીલ અધિકારીને રૂબરૂ મળી ઉપરોકત વિગત જણાવેલ. તા.૧૧/૦૫/૧૨ નાં રોજ અપીલ અધિકારીએ અરજદારને સાંભળ્યા હતાં.અરજદારની અરજીનાં મુદ્દા નં.૩ અન્વયે માંગવામાં આવેલ માહિતી બાબતે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકાર શ્રી, ટ્રાફિકસેલ (બી.આર.ટી.એસ. સહિત) એ પત્ર નં.બી.આર.ટી.એસ. સેલ/ આ.નં.૧૩, તા.૦૩/૦૪/૧૨ થી આપશ્રી (અરજદાર) દ્રારા માંગવામાં આવેલ માહિતી અત્રેનાં ખાતામાં ઉપલ્બઘ નથી,તે બાબતે લેખિત જાણ કરેલ.જે અંગે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકાર શ્રી, ટ્રાફિકસેલ (બી.આર.ટી.એસ. સહિત) નાં તા.૧૦/૦૫/૧૨ નાં રોજ હાજર હતાં અને તેમના જણાવ્યા મુજબ અરજદારે માંગેલ માહિતી સ્પષ્ટ ન હોવાથી અરજદારને તે મુજબ જવાબ આપેલ તેવું જણાવેલ.

## હુકમ :–

તા.૧૧/૦૫/૧૨ નાં રોજ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારને તેમના દ્રારા માંગવામાં આવેલ માહિતી સ્પષ્ટ ન હોવાથી ખાતા દ્રારા માહિતી પૂરી પાડી શકાયેલ નથી, તે બાબતની જાણ કરેલ અને કંઈ વઘુ સ્પષ્ટતા હોય તો તે આપવા જણાવેલ. પરંતુ અરજદાર દ્રારા કોઈ વઘુ રજુઆત કરવામાં આવેલ નહીં. અપીલ અધિકારી દ્રારા અરજદારશ્રીને આ બાબતે અન્ય માહિતી જોઈતી હોય તો સ્પષ્ટ માહિતી માંગવા વિનંતી કરવામાં આવેલ. આ અપીલ થી અરજદાર શ્રીની અરજીનાં મુદ્દા નં.૩ બાબતે કોઈ રજુઆત ન હોવાથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| ટ્રાફિક સેલ<br>આઉટ વર્ડ નં. ૩૯૨<br>તા.૧૯/૦૫/૨૦૧૨ | (આર.જે.માઘવાણી)<br>અપીલ અધિકારી અને<br>ઈ.ચા.કાર્યપાલક ઈજનેર<br>ટ્રાફિકસેલ/(બી.આર.ટી.એસ. સહિત)<br>સુરત મહાનગરપાલિકા |

અપીલ અરજી નં.૧.(૨૦૧૨–૧૩)

(ટ્રાફિક સેલ)

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળા :– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિકસેલ,બીજો માળે, આંબેડકર શોપીંગ સેન્ટર, માનદરવાજા,રીંગરોડ,સુરત.

વિષય :– (૧) માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈડી.નં.૧૬૪૦, તા.૦૭/૧૨/૧૨.
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર શ્રી (મહેકમ) ના પત્ર નં. જીએડી/ઈએસટી/૩૯૧૨,તા.૨૨/૧૨/૧૨.

સંદર્ભ :– (૧) અરજદાર મજકુરની તા.૧૭/૦૧/૧૩ની અપીલ અરજી નં.SMC/FAP/ ટ્રાફિક સેલ/૧/૨૦૧૨–૧૩(ટ્રાફિક સેલ અપીલ રજીસ્ટર મુજબ)
(૨) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર શ્રી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ /આર.ટી.આઈ/આઉટ/૨૯૧૨,તા.૨૩/૦૧/૧૩

**ફરીયાદની હકીકત :–**

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે ઉકત વિષયમાં જણાવેલ અરજી થી તા.૦૭/૧૨/૧૨ ના રોજ સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરને ડ્રાઈવરોની માહિતી માંગતી અરજી કરેલી. જે અત્રેના ટાફિક સેલ વિભાગમાં ઈનવર્ડ નં.૨૩૩૬,તા.૨૪/૧૨/૧૨ ના રોજ મળેલ હતી.

અરજદારને અત્રેના ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૨૧૪૪, તા.૦૨/૦૧/૧૩ના રોજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર દ્વારા જવાબ પાઠવી દેવામાં આવેલ. પરંતુ અરજદારે સદર માહિતથી અસંતોષ હોવાનું જણાવી TVA લાયસન્સની માહિતી આપેલ ન હોવાનું જણાવી અપીલ અરજી કરેલ હતી.

સદર અપીલ અરજીના સંદર્ભમાં અરજદારને ટ્રાફિકસેલના ડ્રાઈવરોની TVA લાયસન્સ નંબર સહિતની માહિતી ટ્રાફિક સેલના આઉટ વર્ડ નં.૨૪૬૯, તા.૦૬/૦૨/૧૩ના રોજ પૂરી પાડવામાં આપેલી છે.

**હુકમ :–**

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે કરેલ અપીલ અરજીના અરજીના સંદર્ભે માહિતી અત્રેથી આઉટ વર્ડ નં.૨૪૬૯,તા.૦૬/૦૨/૧૩ ના રોજથી વિના મૂલ્યે પૂરી પાડવામાંઆવી હોય, અરજદારની આપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ટ્રાફિક સેલ
આઉટ વર્ડ નં. ૨૫૨૩
તા.૧૨/૦૨/૨૦૧૩

(જે.એમ.ચૌહાણ)
અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

**<u>અપીલ અરજી નં.૨</u>**

**અરજદારઃ**– શ્રી  રાજેન્દ્ર એચ.મોદી
**સામાવાળાઃ**–ડે.ઈજેનર અને જાહેર માહિતી અધિકારી,ટ્રાફિક સેલ આંબેડકર શોપીંગ સેન્ટર,બીજે માળે, રીંગરોડ,સુરત.

**<u>વિષય :</u>**– (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી રાજેન્દ્ર એચ. મોદીની અરજી આઈડી નં.૬૨૦,તા.૦૧/૧૨/૧૨.
(૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનના પત્ર ક્રમાંક નં.સે.ઝોન/આર.ટીઆઈ./જાવક/૨૫૦૬,તા.૧૪/૧૨/૧૨

**<u>સંદર્ભઃ–</u>** (૧) અરદાર મજકુરની ૦૨/૦૨–૧૩ની અપીલ અરજી નં.કોહળાબ./ટ્રાફિકસેલ/૨/૨૦૧૨–૧૩ (ટ્રાફિકસેલ આર.ટી.આઈ. અપીલ રજીસ્ટર મુજબ)
(૨) સાઉથ વેસ્ટ ઝોનના પત્ર ક્રમાંક નં.સાઉથ વેસ્ટ ઝોન/આઉટ/૪૭૫, તા.૦૫/૦૨/૧૩.જે અત્રેના વિભાગને તા.૦૭/૦૨/૧૩ ના રોજ મળેલ છે.

**ફરીયાદની હકીકીતઃ–**

અરજદારશ્રી રાજેન્દ્ર એચ. મોદીએ ઉકત વિષયમાં જણાવેલ અરજ થી સાઉથ વેસ્ટ ઝોન/આઈડી નં.૬૨૦, તા.૦૧/૧૨/૧૨ ની અરજી, ડે.ઈજનેર અને જા.મા.અ.સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના પત્રકમાંક નં.સેન્ટ્રલઝોન/આર.ટી.આઈ./જાવક/૨૫૦૬,તા.૧૪/૧૨/૧૨ ની અરજી અત્રેનાં ટ્રાફિકસેલ વિભાગમાં ઈનવર્ડ નં.૨૨૮૬,તા.૧૫/૧૨/૧૨ ના રોજ મળેલ છે.

અરજદારને તમેની માહિતી માંગતી અરજીના અનુસંધાને માહિતી પૂરી પાડતો પત્ર આઉટવર્ડ નં.૨૨૪૬,તા.૧૦/૦૧/૧૩ ના રોજ પાઠવી દેવામાં આવેલ. અરજદારે સદર માહિત થી અસંતોષ હોવાનું જણાવી તા.૦૨/૦૨/૧૩ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અત્રે ૦૭/૦૨/૧૩ ના રોજ મળેલ છે.

અરજદારને તેમની અપીલ અરજી બાબતે રૂબરૂ સાંભળવા તેમજ રજુઆત માટે તા.૧૬/૦૨/૧૩ ના રોજ બપોરે ૧૧.૪૫ કલાકે અરજીની મૂળ નકલ સહિત રજુ કરવાના પુરાવા સહિત રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

તા.૧૬/૦૨/૧૩ ના રોજ અપીલ અધિકારી સમક્ષ અરજદારશ્રી રાજેન્દ્ર એચ.મોદી અને ડે.ઈજનેર અને જા.મા.અ.શ્રી એચ.આર.કંસારા રૂબરૂમાં હાજર રહયાં હતાં. જેમાં અરદારને તેમની અપીલ અરજી બાબતે વિસ્તૃતમાં સમજણ આપવામાં આવેલ.

## હુકમઃ–

અરજદાર શ્રી રાજેન્દ્ર એચ.મોદીને તેમની અપીલ અરજી બાબતે વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ અને તેમને પાઠવેલ પ્રત્યુતરમાં સ્નેહ મિલન ગાર્ડન પાછળનાં રસ્તા ઉપર ‘‘નો પાર્કીંગ ‘‘ ના બોર્ડ સેન્ટ્રલઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર નં.૨૧૬૭,તા.૨૮/૦૯/૧૨ ના અનુસંધાને મૂકવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જેથી અરજદારને અપીલ સંદર્ભ માહિતી પૂરી પાડેલ હોવાથી તેમની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ટ્રાફિક સેલ
આઉટ વર્ડ નં. ૨૭૧૩
તા.૦૧/૦૩/૨૦૧૩

(જે.એમ.ચૌહાણ)
અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

## અપીલ અરજી નં.૩

**અરજદાર:–** શ્રી  નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા:–** ડે.ઈજનેર અને જાહેર માહિતી  અધિકારી,  ટ્રાફિક સેલ,  આંબેડકર શોપીગ સેન્ટર, બીજે માળે,રીંગરોડ,  સુરત.

**વિષય:–** (૧) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈડી નં. ૧૪૭૮, તા.૩૦/૧૦/૨૦૧૨
(૨) ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન./આર.ટી.આઈ./જાવક/૨૧૭૮, તા.૦૧/૧૧/૨૦૧૨

**સંદર્ભ:–** (૧) અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૧૨/૧૨ ની પ્રથમ અપીલ અરજી નં. SMC/FAP/ટ્રાફિકસેલ/૦૩/૨૦૧૨–૧૩ (ટ્રાફિક સેલ આર.ટી.આઈ. અપીલ રજીસ્ટર મુજબ)
(૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન./આર.ટી.આઈ./આઉટ/૩૪૦૧, તા.૦૫/૦૩/૨૦૧૩

**ફરીયાદની હકીકીત:–**

અરજદારશ્રી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની નોર્થઝોનમાં ફરજ બજાવતા અધિકારીઓની અસ્કયામતોની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૪૭૮, તા.૩૦/૧૧/૧૨ સામેલ છે.

જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રીના પત્ર ક્રમાંક નં. સે.ઝોન./આર.ટી.આઈ./આઉટ/૩૪૦૧, તા.૦૫/૦૩/૨૦૧૨ માં અપીલ અરજી નં. ૨૦૪, તા.૨૪/૧૨/૧૨ ના રોજ નોંધાયેલ અત્રે તા.૦૬/૦૩/૧૨ ના રોજ મળેલ છે.

અરજદારને તેમની અપીલ અરજી બાબતે રૂબરૂ સાંભળવા તેમજ તેમની રજુઆત માટે તા.૦૮/૦૩/૧૩ ના રોજ બપોરે ૪:૩૦ કલાકે સુમારે અરજીની મૂળ નકલ સહિત રજુ કરવાના પુરાવા સહિત રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

તા.૦૮/૦૩/૨૦૧૩ ના રોજ બપોરે કલાક ૪:૩૦ ના સુમારે અપીલ અધિકારી સમક્ષ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર અને ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાજર રહયા હતા. જેમાં અરજદારને તેમની અપીલ અરજી બાબતે મિલ્કતોના ક્ષેત્રફળ અને મિલ્કતનોની બજાર કિંમત બાબતે સમજણ આપવામાં આવેલી. અરજદારને તે બાબતે સંતોષ થયેલ છે. અને પોતે કરેલ અપીલ અરજી દફતરે કરવા જણાવેલ છે.

## હુકમ:–

અરજદારને અપીલ અરજી બાબતે સંપૂર્ણ માહિતી આપી દેવામાં આવેલ છે. ઉપરાંત તેમની અરજીમાં જણાવેલ મિલ્કતના ક્ષેત્રફળ અને બજાર કિંમત બાબતે પણ યોગ્ય વિસ્તૃત જાણકારી આપી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી તેમની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી
અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

ટ્રાફિક સેલ

આઉટ વર્ડ નં.–૨૮૬૨

તા.૧૩/૦૩/૨૦૧૩